**હિસાબનીશ:વર્ગ-૩(ACCOUNTANT:Class-3) સંવર્ગની જગ્યાઓનું નામાભિધાન સિનિયર ક્લાર્ક: વર્ગ-૩ (SENIOR CLERK: Class-3) કરવા બાબત.**

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: FED/ROR/e-file/6/2022/3298/D-2 Section

સચિવાલય, ગાંધીનગર.

**આમુખ:**

વન અને પર્યાવરણ વિભાગ નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ ખાતે હિસાબનીશ : વર્ગ-૩ (ACCOUNTANT: Class-3) (પગારધોરણ: 7th Pay: 25500-81100-Level 4) નામાભિધાન ધરાવતી જગ્યાઓ હાલ અસ્તિત્વમાં છે. વિવિધ સંવર્ગોના ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરને મંજૂરી આપવા અંગેની બેઠકમાં, પ્રસ્તુત હિસાબનીશ: વર્ગ-૩ (ACCOUNTANT: Class-3) સંવર્ગની જગ્યાઓ અન્ય વિભાગો હેઠળની સિનિયર ક્લાર્ક વર્ગ-૩ (SENIOR CLERK : Class-3) (પગારધોરણ: 7th PAY: 25500-81100 - Level 4) ની જગ્યાઓ સાથે સામ્યતા ધરાવતી હોઇ, એક જ ભરતી નિયમો હેઠળ અને એક જ ભરતી પ્રક્રિયા હેઠળ જગ્યાઓ ભરી શકાય તે હેતુથી, હિસાબનીશ : વર્ગ-૩ સંવર્ગનું નામાભિધાન બદલીને સિનિયર કલાર્ક: વર્ગ-૩ કરવા સૂચન થયેલ હતું. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, વન અને પર્યાવરણ વિભાગ નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ હસ્તક અસ્તિત્વ ધરાવતી હિસાબનીશ : વર્ગ-૩ (ACCOUNTANT: Class-3) (7th PAY: 25500-81100 - Level-4) સંવર્ગની તમામ જગ્યાઓનું નામાભિધાન બદલીને સિનિયર ક્લાર્ક : વર્ગ-૩ (SENIOR CLERK: Class-3) (7th PAY: 25500-81100-Level- 4) કરવામાં આવે છે.

૨. હાલની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગ નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ હસ્તક અસ્તિત્વ ધરાવતી હિસાબનીશ : વર્ગ-૩ સંવર્ગમાં ફરજો બજાવી રહેલ હોય, તેવા તમામ કર્મચારીઓની સેવાકીય તેમજ અન્ય બાબતે કરવાના થતાં હુકમો અને દરખાસ્તોમાં હવેથી સિનિયર ક્લાર્ક : વર્ગ-૩ નામાભિધાન જ ધ્યાને લેવાનું રહેશે.

૩. વન અને પર્યાવરણ વિભાગ નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓ હસ્તકની સિનિયર ક્લાર્ક : વર્ગ-૩ સંવર્ગની આ જગ્યાઓ સીધી ભરતી કે બઢતીથી ભરવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના કોમન ભરતી નિયમો, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, પૂર્વ સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા નિયમો અને ખાતાકીય પરીક્ષા નિયમો ધ્યાને લેવાના રહેશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૦૭.૦૩.૨૦૨૪ અને નાણા વિભાગની તા.૦૩.૦૨.૨૫ ના રોજની નોંધથી અપાયેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આસવ ગઢવી)

નાયબ સચિવ (સેવા)

વન અને પર્યાવરણ વિભાગ

**નકલ સવિનય રવાના :**

Signature Not Verified
Signed by:Asav Gadhvi
Deputy Secretary
Date: 2025.02.13
15:32:35 +05:30

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) ના રહસ્ય સચિવશ્રી સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય અરણ્ય ભવન સેક્ટર-૧૦/એ ગાંધીનગર.
- મુખ્ય વન સંરક્ષકશ્રી/વન સંરક્ષકશ્રી(તમામ)
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી મેનેજરશ્રી (I.T. CELL), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫.

Signature Not Verified
Signed by: Asav Gadhvi
Deputy Secretary
Date: 2025.02.13
15:32:35 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign